શહેરના નવા સુકાનીઓ સંદર્ભે રાજકીય ઉત્તેજનાઓ તીવ્ર બની

નવા વિસ્તાર અને જુના વિસ્તારનું બેલેન્સ જળવાશે કે પછી બધુ જ નવા વિસ્તારોને મળશે તેને લઈ અટકળો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં હવે પાંચમા મેયર તેમજ ડે. મેયરની ગુરૂવારે યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય ઉત્તેજનાઓ સવાર થઈ છે. જો કે હજુ પક્ષના મોવડીમંડળે આ અંગે કોઈ જ નિર્ણય લીધો નથી અને ગુરૂવારે મીટીંગમાં જ સીધુ કવર મોકલવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનપદને લઈ દાવેદારો દ્વારા પ્રદેશ આગેવાનોને મળવા માટે તેમની જ પસંદગી થાય તે માટે તમામ તાકાત કામે લગાડી રહ્યા છે.

મેયર પદ અનુ. જાતિ માટે નિશ્ચિત છે પણ મહિલા કે પુરૂષ તે અંગેની કોઈ સ્પષ્ટતા નથી. પાંચેય અનામત બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજયી થયા છે એટલે કોની પસંદગી થશે તેને લઈ અટકળો તેજ બની છે. ત્રણ મહિલા અને બે પુરૂષ કાઉન્સીલરો આ માટે સ્પર્ધામાં છે.

ડે. મેયર પદ પણ કોને મળશે તેને લઈ અટકળો છે. ક્ષત્રિય સમાજને ડે. મેયર પદ મળે તો સ્થાયી સમિતિ પટેલ સમાજને મળે તેવા રાજકીય ગણિતો ચાલી રહ્યા છે.

સ્થાયી સમિતિના ચેરમેન પદ માટે ૩ થી વધુ દાવેદારો હાલ મેદાનમાં છે એટલે પક્ષ દ્વારા નિર્ણય લેવા કોઈ ઉતાવળમાં હોય તેમ જણાતુ નથી.

મળતી વિગતો પ્રમાણે સ્થાયી સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણી પૂર્ણ થયા બાદ બે કલાકમાં જ સ્થાયી સમિતિની બેઠક મળશે અને તેમાં નવા ચેરમેનની નિયુક્તી કરી દેવામાં આવશે.

ભાજપના કોર ગૃપની બેઠક કાલે રાત્રે અથવા બુધવારે સવારે મળશે અને તેમાં આ અંગેના નામોની પસંદગીને આખરી મ્હોર મારવામાં આવશે. જો કે પક્ષના મોવડીમંડળનો મેન્ડટ પ્રદેશ અગ્રણી જાતે જ લઈ આવશે અને સમગ્ર બેઠક દરમ્યાન તે હાજર રહેશે. તેમજ પ્રદેશ સમિતિને બેઠક અંગેનો પોતાનો અહેવાલ પણ આપશે.

ગાંધીનગરના નવા સુકાનીઓની પસંદગીએ જે રાજકીય ઉત્તેજનાઓ જગાવી છે. નવા વિસ્તારને કેટલુ પ્રાધાન્ય મળશે અને જુના વિસ્તારોને યોગ્ય પ્રતિનિધિત્વ મળશે કે નહિ તેને લઈ આ અટકળો તેજ બની છે.

દિવાળીનું પર્વ નજીક આવી રહ્યુ છે. ગૃહિણીઓ સાફ-સફાઈમાં અને સાજ-સજાવટમાં લાગી ચૂકી છે. ઘર સજાવટની ચીજવસ્તુઓનું વેચાણ વધ્યુ છે. ઘરની શોભા વધારતા ગાલીચાઓ વેચતા ફેરીયાઓ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. તેઓને ઘરાકી ઉઘડે તેની રાહ છે.

વાયબ્રન્ટ પૂર્વે સર્વિસ રોડ તેમજ અન્ડરપાસનું કામ પૂર્ણ કરવા તાકીદ

દિપાવલીના પર્વોમાં કેટલાક ઉદ્યોગોનું લોકાર્પણ કરવામાં આવે તેવા પણ સંકેતો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આગામી જાન્યુઆરીના સૂચિત વાયબ્રન્ટને લઈ સર્વિસ રોડ તેમજ ગ-રોડ પર ચાલતા અન્ડરપાસની કામગીરી ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવાની તાકિદ કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આ કામો અંગે વારંવાર સમીક્ષા બેઠકમાં સૂચનાઓ અપાઈ હતી પરંતુ ચોમાસાને કારણે કામગીરીમાં વિલંબ થયો હતો. હવે ચોમાસાએ વિધિવત્ વિદાય લઈ લીધી છે અને આગામી જાન્યુઆરીમાં સૂચિત વાયબ્રન્ટ ૨૦૨૨ને પગલે કમિશનર કક્ષાએ ચાલતા વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જેમાં મહાત્મા મંદિર નજીક બની રહેલ અન્ડરપાસ તેમજ સર્વિસ રોડ બનાવવાની કામગીરી ડિસેમ્બર પહેલાં પૂર્ણ કરી દેવા માટે કડક તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત ઘ-રોડ પર જે અન્ડરપાસ બનાવવામાં આવ્યો છે તેમાં પણ મરામતની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે જોવા જણાવવામાં આવ્યું છે.

મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ઉદ્યોગનગરી ગણાતા પાટનગરના જે

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં સાંસ્કૃતિક પ્રવૃતિ સંતોષવા માટે કલાકારોને સ્ટેજ મળતુ નથી ...

કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી સાંસ્કૃતિક ચેતના મુર્જાઇ ગઇ છે ત્યારે ટાઉનહોલ પણ રીનોવેશન હેઠળ : કલા સંસ્થાઓને સિવિલ સંકુલ સ્થિત ઓડીટોરીયમ પોષાય તેવા ભાડેથી ફાળવવા માટે પણ અનેકવાર રજુઆત થઇ પરંતુ કોઇ નિર્ણય લેવાતો નથી : નગરની સાંસ્કૃતિક ઓળખ હાંસિયામાં ધકેલાતી જાય છે

ગાંધીનગર તા ૧૮

કોરોના કાળમાં સુન્ન પડી ગયેલુ જનજીવન છેલ્લા બે મહીનાથી વિશેષ રીતે ધમધમતુ થયુ છે. બે વર્ષ બાદ નવરાત્રિમાં પણ શેરી ગરબાના આયોજનને મંજુરી મળતા અંતે ગરબા રસિકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. આડા દિવસોમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિથી ધમધમતા નગરમાં કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે સર્દતર સન્નાટો પ્રર્વત્યો છે. છેલ્લા બે વર્ષના લાંબા સમયગાળાથી નગરમાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ ઠપ્પ થઇ ગઇ છે. જેના લીધે નગરની સાંસ્કૃતિક ઓળખ પણ હાંસિયામાં ધકેલાઇ ગઇ છે. કલાકારો અને કલારસિકોથી ઉભરતા નગરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને ઉજાગર કરવા માટે સ્ટેજ મળતુ નથી. છેલ્લા બે મહીનાથી કોરોનાનો કહેર ઘટતા જનજીવનમાં પણ થોડી રોનક આવી છે. પરંતુ હાલની સ્થિતિએ ટાઉનહોલ પણ રીનોવેશન હેઠળ છે જેના લીધે નગરના કલાકારોને સ્ટેજ પુરુ પાડવાના મામલે કલા સંસ્થાઓ મુંઝવણમાં મુકાઇ છે. એકબાજુ ટાઉનહોલ બંધ છે. બીજીતરફ કોઇ વૈકલ્પિક વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવતી નથી. સિવિલ સંકુલમાં સ્થિત ઓડિટોરીયમ પણ કલા સંસ્થાઓને પોષાય તેવા ભાડેથી ફાળવવામાં આવે તે માટે પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ હજુ આ દીશામાં કોઇ નિર્ણય લેવાતો નથી. એકબાજુ આ હોલમાં સરકારી કાર્યક્રમો થાય છે ત્યારે નગરની કલા સંસ્થાઓને પણ ટાઉનહોલ તૈયાર થાય ત્યાં સુધી આ હોલ દર ઘટાડીને ભાડેથી આપવામાં આવે તેવી માંગણી અને લાગણી પ્રબળ બની છે.

કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી જનજીવન સુન્ન પડી ગયુ છે. જયારે બીજી લહેરના અંતે કોરોનાનો કહેર ઘટતા જનજીવનમાં થોડો હાંશકારો પ્રવર્તયો છે. આ સ્થિતિ વચ્ચે સામાજિક અને સાંસ્કૃતિ વૃતિ પ્રવૃતિ પણ વિશેષ રીતે પ્રભાવિત થઇ છે. ગાંધીનગરમાં કોરોનાના આગમન પુર્વે દર અઠવાડીયે બે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજતા હતા. પરંતુ કોરોના સંક્રમણના કપરા કાળમાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ સર્દતર બંધ થઇ ગઇ છે. નગરની કલા સંસ્થાઓ , કલાકારો અને કલાપ્રેમીઓમાં પણ નિરસતા સેવાઇ રહી છે. બીજીતરફ હાલ છેલ્લા બે મહીનાથી કોઇ પણ પ્રકારના નિયંત્રણ વિના સઘળી પ્રવૃતિઓમાં ધમધમાટ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે શહેરનો એકમાત્ર ટાઉનહોલ પણ છેલ્લા બે વર્ષથી બંધ છે. અગાઉ ટાઉનહોલ જોખમી સ્થિતિમાં હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા હોલને ભાડે આપવાનુ પણ બંધ કરી દેવાયુ હતુ ત્યારબાદ કોરોના સંક્રમણના લીધે સાંસ્કૃતિક પ્રવૃતિઓનુ આયોજન પણ બંધ થઇ જતા છેલ્લા બે વર્ષથી નગરમાં સાંસ્કૃતિક ચેતના મુર્જાઇ ગઇ છે. હાલ કોરોનાના કેસ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૧૪ હજારથી વધુને વેક્સિનેશન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં આજે વેગ આવ્યો હતો. જિલ્લામાં આજે ૧૪ હજારથી વધુ લોકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૨,૬૧૯ લોકોને અને શહેરમાં ૧૮૪૧ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ હજારથી વધુ લાભાર્થીને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. શહેરમાં પણ ૧૨૦૦થી વધુ લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આમ જિલ્લામાં આજે વેક્સિનેશન અભિયાનમાં બીજો ડોઝ લેનારા લાભાર્થીઓની સંખ્યા વધુ રહી છે. જિલ્લામાં વેક્સિનેશન અભિયાન સઘન બને તે માટે આજે અધિકારીઓ સતત ફિલ્ડમાં રહ્યા હતા અને વેક્સિનેશન માટે લોકોને સમજાવવામાં સફળતા મેળવી હતી.

આજે શહેરમાં ચાંદો ઉગ્યો ચોકમાં રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ ચાંદો ઉગ્યો ચોકમાં આવતીકાલે તા. ૧૯મી ઓક્ટોબરના રોજ સાંજે ૭.૩૦ કલાકે ઓડીટોરીયમ હોલ, સિવિલ કમ્પાઉન્ડ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે.

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ ચાંદો ઉગ્યો ચોકમાં યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગુજરાતના ૧૩ જેટલા રાસ-ગરબા ગ્રુપની ૧૯ કૃતિઓ રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા ગરબા ગ્રુપ શક્તિપરા માલધારી રાસ, સુરેન્દ્રનગર, નુપુર ડાન્સ એકેડમી, ભૂજ, ગોપાલક વિદ્યાલય, પાટણ, સુંદરમ કલ્ચરલ ગ્રુપ, ગાંધીનગર, તપસ્યા ડાન્સ એકેડમી, નડીયાદ, સપ્તધ્વની કલાવૃંદ, સુરત, કન્યા વિદ્યાલય અસ્થાન, બારડોલી, ઉમિયા વિકાસ મંડળ, સુરત, કલાપથ, ભાવનગર, જય બહુચરાજી ચેરીટેબલ ટ્રસ્ટ, ભાવનગર, આંબાવાડી કલાવૃંદ, જામ ખંભાળીયા અને પનઘટ કલાકેન્દ્ર, ગાંધીનગર દ્વારા રાસ-ગરબા રજૂ કરવામાં આવશે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી પાસે ગ માર્ગ પર રોજબરોજ વાહનોની કતાર જોવા મળે છે. શહેરમાં ટ્રાફિક નિયમનનુ પાલન કરાવવા માટે દંડ વસુલી સુધીના પગલા ભરતા આર ટી ઓ તંત્રના ઘર આંગણે જ નિયમનનો ભારોભાર અભાવ વર્તાય છે. ગ- ૦ થી ગ-૨ વચ્ચેના રૂટમાં ટ્રાફિકનો સતત ધમધમાટ રહે છે. આર ટી ઓ કચેરીના સાંકડા સંકુલમાં વાહનો પાર્ક કરવાની જગ્યા નથી જેના લીધે કચેરીમાં કામકાજ અર્થે આવતા મુલાકાતીઓના વાહનો પણ માર્ગ વચાળે ઉભા કરી દેવાય છે. બીજીતરફ ભારે વાહનોની પણ આજે કતાર જોવા મળી હતી. જેના લીધે સાંકડા ગ માર્ગ પર વાહનોની અવરજવર પણ મુશ્કેલ બને છે. આજે આ સ્થિતિ વચ્ચે ગ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. ગ માર્ગ પર આર ટી ઓ કચેરી આસપાસ આડેધડ ખડકાતા વાહનોના લીધે માર્ગ સલામતી પણ જોખમાઇ છે. ટ્રાફિકના નિયમોનુ સરેઆમ ઉલ્લંઘન થઇ રહ્યુ છે.

ગુડા વિવિધ ટી પી વિસ્તારમાં ૫૦ કરોડના ખર્ચે માર્ગોનુ રીસરફેસીંગ કરાશે

વાવોલ, કોબા, પેથાપુર, સરગાસણ, કુડાસણ, રાયસણ અને રાંદેસણ વિસ્તારમાં માર્ગોનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં માર્ગ રીસરફેસીંગના કામો હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. આ અન્વયે કોબા, રાંદેસણ , રાયસણ , કુડાસણ , સરગાસણ વાવોલ અને પેથાપુર સહીતના વિસ્તારમાં માર્ગોને ચકાચક બનાવવા કામગીરી હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ કરાશે આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયાના અંતે આગામી મહીનામાં કામ શરૂ કરી દેવાશે.

ગુડા વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. એકબાજુ હાલ વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરવા માટે પણ ટીમ કામે લાગી છે. જયારે લાંબા સમયથી ટી પી વિસ્તારમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ બાકી છે જેને અનુલક્ષી ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં માર્ગોના કામ હાથ ધરવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગામોમાં સમાવિષ્ટ વિવિધ ટી પી વિસ્તારમાં માળખાગત સુવિધાના બાકી કામો હાથ ધરવા માટે પ્લાન તૈયાર કરાયો છે. એકબાજુ નવા એલ આઇ જી આવાસો પણ બાંધવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાત હજુ પણ નવા આવાસો બાધવામાં આવશે. નવા મકાનો સહીત પાણી ગટર અને વરસાદી પાણીના નિકાલની લાઇન સંદર્ભે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ટી પી વિસ્તારમાં પણ પાટનગરની જેમ ચકાચક રોડ નેટવર્ક ઉભુ કરવા માટે માર્ગ નિર્માણ તેમજ સરફેસીંગના કામો પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જેમાં હાલની સ્થિતિએ ગુડાના રાયસણ, રાંદેસણ કોબા, વાવોલ , પેથાપુર, સરગાસણ, કુડાસણ, અડાલજ સહીતના ટી પી વિસ્તારને ધ્યાને લઇ માર્ગોનુ કામ હાથ ધરાશે. આ વિસ્તારમાં માર્ગોના રીસરફેસીંગ પાછળ અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ કરાશે. તમામ વિસ્તારમા થઇનુ અંદાજિત ૫૦ કી મીના રસ્તાઓનુ કામ હાથ ધરાશે. આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી મહીનામાં માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવાશે. ગુડા વિસ્તારમાં માર્ગ સુધારણાની સાથે નવા આવાસો સહીત પાણીની લાઇન નાંખવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. ટુંકમાં નવી લાઇન નાંખવા માટે પણ કામગીરી શરૂ કરી દેવાશે.

શુભેચ્છા મુલાકાત - રાજયના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાતની વાતચીતની વિગતો બહાર નથી આવી પરંતુ નાયબ મુખ્યમંત્રી પદેથી વિદાય બાદની પ્રથમ મુલાકાતથી આગામી રાજકીય સમીકરણોની ચર્ચા થઈ હોવાનું મનાય છે...

કોરોના ઈફેક્ટ : ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમિટના અરજદારોમાં ૫૦ ટકાનો ઘટાડો

ઇન્ટરનેશનલ ડ્રાઇવીંગ પરમિટ માટે આર.ટી.ઓ. કચેરીમાં ૧૦ મહીનામાં ૪૬૬ અરજી

ગાંધીનગર તા ૧૮

કોરોના કાળમાં વિદેશ પ્રવાસે જનારાઓની સંખ્યા સ્વાભાવિક રીતે જ ઘટી જાય તેવી રીતે વિદેશમાં ડ્રાઈવીંગ કરવા માટે આર ટી ઓ કચેરીમાં ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમિટ મેળવનારાની સંખ્યામાં પણ ૫૦ ટકાનો ઘટાડો થયો છે. દરવર્ષે ઈન્ટરનેશલ ડ્રાઈવીંગ પરમિટને અનુલક્ષી ૧ હજાર જેટલી અરજી આર ટી ઓ કચેરીને મળે છે. પરંતુ છેલ્લા ૧૦ મહીનામાં આ મામલે માત્ર ૪૬૬ અરજદારોએ ઈન્ટરનેશલ ડ્રાઈવીંગની પરમિટ માટે આર ટી ઓ માં અરજી રજુ કરી છે.

વિદેશમાં વાહન ચલાવવા માટે દેશમાં સંબંધિત જિલ્લાના રહેવાસી માટે આર ટી ઓ કચેરીની પરવાનગી હોવી અનિવાર્ય છે. કોરોના કાળ પુર્વે વિદેશ જતા નાગરિકો ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમિટ માટે વિશેષ સંખ્યામાં આર ટી ઓ કચેરીમાં અરજી કરતા હતા. દરવર્ષે અંદાજિત ૧ હજારથી વધુ વાહનચાલકો ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમિટ મેળવતા હતા. પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોનાની મહામારીના લીધે ઈન્ટરનેશન ફલાઈટસ પણ બંધ રહેતી હોવાથી પ્રવાસીઓ પણ પ્રભાવિત થયા છે. આ સ્થિતિ વચ્ચે ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમિટને અનુલક્ષીને પણ અરજદારોમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર આર ટી ઓ કચેરી તરફથી મળતી માહીતી અનુસાર ગાંધીનગર જિલ્લામાંથી દરવર્ષે સરેરાશ એક હજાર જેટલા પ્રવાસીઓ ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમિટ માટે અરજી કરે છે. જો કે કોરોનાની સ્થિતિના લીધે ગાંધીનગરમાં છેલ્લા ૧૦ મહીનામાં માત્ર ૪૬૬ પ્રવાસીઓ કે વિદેશ જનારાએ ડ્રાઈવીંગ પરમિટ માટે અરજી કરી છે. ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમિટના અરજદારોમાં ૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જો કે હવે કોરોના સંક્રમણ કાબુમાં આવતુ જતા વિદેશ જનારાઓની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com